પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુઃખાવો
ઘૂંટણ ના ઘસારા
Osteoarthritis
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ આઠમ બુધવાર ૮ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૮

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

માત્ર 12 કલાકમાં જ 13 ઈંચ વરસાદ ઝીંકાતા

સુરત ડૂબ્યુ

ડિંડોલી વિસ્તાર

(તસવીર : હેમંત કે.)

■ ભારે વરસાદને પગલે મોટાભાગનું સુરત પાણીમાં ■ મોટાભાગના વિસ્તારો જાણે બેટ બની ગયા, વાહનવ્યવહાર અટકી ગયો, જનજીવન ખોરવાઈ ગયું ■ પલસાણામાં 17 અને કામરેજમાં 16 ઈંચ વરસાદને પગલે સુરતમાં ખાડીપૂર ■ આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી યથાવત, સ્કૂલ-કોલેજોમાં રજા આપી દેવાઈ

સુરતઃ ગઈકાલે એક જ દિવસમાં બે કલાકમાં ચાર કલાક વરસીને સુરતને પાણી પાણી કરી દેનાર મેઘરાજાએ આજે સુરત શહેરની સાથે સાથે આખા જિલ્લામાં જાણે તાંડવ કર્યું હતું. સુરત શહેરમાં માત્ર 12 જ કલાકમાં 13 ઈંચ વરસાદ સાથે મોટાભાગનું સુરત પાણીમાં જોવા મળ્યું હતું. રસ્તાઓ પર પાણી ફરી વળવાની સાથે લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. સુરતમાં તમામ ગરનાળાઓ પાણી ગરકાવ થઈ ગયા હતા. સુરત શહેરમાં ભાગ્યે જ એવો કોઈ વિસ્તાર હતો કે જ્યાં પાણી ભરાયા નહીં હોય. સુરતમાં મોટાભાગના વિસ્તારો પાણી ભરાવાને કારણે બેટમાં ફેરવાઈ ગયા હતા. છેક કામરેજથી શરૂ કરીને હજીરા સુધી અને બીજી તરફ જહાંગીરપુરાથી શરૂ કરીને છેક સચિન સુધીના વિસ્તારોમાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. ભારે વરસાદને કારણે ટ્રેનો તેમજ એસટી બસના રૂટ બંધ કરવા પડતાં હજારો મુસાફરો હેરાન થયા હતા. અનેક ટ્રેનને જે તે સ્ટેશને જ ટર્મિનેટ કરવી પડી હતી. જ્યારે મોટાભાગની ટ્રેનો ધીમે દોડી રહી હતી. સુરતમાં કરંટ લાગતા આજે સાતના મોત થયા હતા. જ્યારે ડૂબી જવાથી બેના મોત થયા હતા.

જ્યારે પલસાણા તાલુકામાં 17 ઈંચ વરસાદની સાથે કામરેજમાં બાર કલાકમાં જ પડેલા 16 ઈંચ વરસાદને પગલે સુરતમાં ખાડીઓમાં પણ પૂર આવ્યા હતા. ખાડીઓના પાણી પણ આસપાસના વિસ્તારોમાં ફરી વળ્યા હતા. એક તરફ આકાશમાંથી વરસતું પાણી અને બીજી તરફ ખાડીઓમાં

...અનુસંધાન પાના ૭ પર

સુરત જિલ્લામાં પડેલો વરસાદ (ઈંચમા)	17.84	16.12	13.08	8.2	8.4	7.28	4.64	2.24	1.72	1.48	1.0	0.76
	પલસાણા	કામરેજ	સુરત	બારડોલી	મહુવા	અંબિકા	ચોર્યાસી	માંડવી	અરેઠ	ઓલપાડ	માંગરોળ	ઉમરપાડા

ટ્રમ્પે કહ્યું, યુએસ તુર્કી પરથી પ્રતિબંધો હટાવશે

અંકારા, તા. ૭ (એપી) : રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે, યુએસ તુર્કી પર લાદવામાં આવેલા પ્રતિબંધો હટાવશે, જે અંકારાએ રશિયન મિસાઈલ સંરક્ષણ પ્રણાલી ખરીદ્યા પછી લગાવવામાં આવ્યા હતા, આ ખરીદીના કારણે તે તુર્કીને એફ-35 ફાઈટર જેટ પ્રોગ્રામમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. તુર્કીને યુએસ પ્રોગ્રામમાં સંપૂર્ણપણે પાછું સામેલ કરી શકાય તે પહેલાં હજી પણ અસંખ્ય કાનૂની અવરોધો છે, પરંતુ કાઉન્ટરિંગ અમેરિકાઝ એડવર્સરીઝ થ્રુ સેન્ક્શન્સ એક્ટ (સીએએટીએસએ) હેઠળ લાદવામાં આવેલા પ્રતિબંધોને હટાવવાથી અંકારા માટે એફ-35 મેળવવાનો રસ્તો સરળ બનશે, જે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગનનો એક મુખ્ય ધ્યેય છે અને ટ્રમ્પે ભવિષ્યવાણી કરી છે કે, તે આખરે થઈને જ રહેશે. અંકારામાં રાષ્ટ્રપતિ ભવન ખાતે એર્દોગન સાથેની બેઠક

...અનુસંધાન પાના ૭ પર

» ગુરુગ્રામમાં હાઈ વે બેસી જતા લાંબો ચક્કાજામ સર્જાયો

» નાસિકમાં ભારે વરસાદને કારણે ગોદાવરી નદીની સપાટીમાં તોતિંગ વધારો થતાં, પ્રસિદ્ધ ત્રંબકેશ્વર જ્યોતિર્લિંગ મંદિર નજીકનો નીચાણવાળો વિસ્તાર પાણીમાં આંશિક રીતે ડૂબી ગયો હતો.

દિલ્હી-યુપી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં મુશળધાર વરસાદ

ગુરુગ્રામમાં હાઈવે બેસી ગયો

મહારાષ્ટ્રમાં આભ ફાટતાં પાલઘરમાં ૧૦નાં મોત, રત્નાગિરીમાં લેન્ડસ્લાઈડથી ૫ મકાનો દબાયા; અરુણાચલમાં ભારે વિનાશ, મુંબઈમાં વરસાદે વિરામ લીધો, લોનાવાલામાં 27 ઈંચ વરસાદ પડ્યો

નવી દિલ્હી/મુંબઈ, તા. ૭ : સમગ્ર દેશમાં ચોમાસું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. છેલ્લા બે દિવસથી મહારાષ્ટ્ર અને પૂર્વોત્તર રાજ્ય અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનના કારણે ભારે તબાહી મચી છે. બીજી તરફ, રાષ્ટ્રીય પાટનગર દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં લાંબા સમય બાદ પડેલા મુશળધાર વરસાદે લોકોને અસહ્ય ગરમીમાંથી મોટી રાહત આપી છે, જોકે અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે.

૧. મહારાષ્ટ્ર: પાલઘરમાં આફત, ૨૨ જગ્યાએ લેન્ડસ્લાઈડ

મહારાષ્ટ્રમાં સતત બે દિવસના અનરાધાર વરસાદ બાદ મંગળવારે મુંબઈમાં થોડી રાહત મળી હતી અને લોકલ ટ્રેન સેવાઓ સામાન્ય થઈ હતી. પરંતુ પાલઘર અને આસપાસના વિસ્તારોમાં સ્થિતિ ગંભીર છે.

પાલઘર જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયામાં પૂર સંબંધિત ઘટનાઓમાં ૧૦ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાંથી ૩ મોતો છેલ્લા ૨૪ કલાકમાં જ થઈ છે.

મકાનો જમીનદોસ્તઃ દરિયાકાંઠાના રત્નાગિરી જિલ્લાના ખેડ તાલુકામાં સોમવારે રાત્રે એક મોટો પહાડ ધસી પડતાં ૫ મકાનો કાટમાળ નીચે દબાઈ ગયા હતા. આ ઘટનામાં ૭૫ વર્ષના એક વૃદ્ધાને જીવતા બચાવી લેવાયા છે, જ્યારે અન્ય લોકો માટે સર્ચ ઓપરેશન

...અનુસંધાન પાના ૭ પર

અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો, 38 દોષિતોની ફાંસી યથાવત

ટ્રાયલ કોર્ટનો ચુકાદો હાઈકોર્ટે માન્ય રાખ્યો, 11ને આજીવન કેદ, મૃતકોના પરિવારને ₹. 10 લાખ

ગંભીર ઈજાગ્રસ્તોને ₹. 5 લાખ અને અન્ય ઈજાગ્રસ્તોને ₹. 1 લાખ વળતરનો આદેશ

અમદાવાદઃ અમદાવાદ શહેરને લોહીલુહાણ કરી દેશને હચમચાવી દેનારા વર્ષ 2008ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ગુજરાત હાઈકોર્ટે ઐતિહાસિક અને અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપતાં વિશેષ અદાલત દ્વારા 38 દોષિતોને ફટકારવામાં આવેલી ફાંસીની સજા અને 11 દોષિતોને આપવામાં આવેલી આજીવન કેદની સજાને યથાવત રાખી છે. ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર દ્વારા ફાંસીની સજાની પુષ્ટિ માટે કરાયેલી અરજીને મંજૂરી આપતાં દોષિતો દ્વારા દાખલ કરવામાં આવેલી તમામ અપીલો ફગાવી દીધી છે. આ સાથે જ કોર્ટે આતંકી હુમલાના પીડિતો અને તેમના પરિવારજનોને વધારાનું વળતર ચૂકવવાનો પણ મહત્વપૂર્ણ આદેશ કર્યો છે.

ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદા સાથે દેશના સૌથી મોટા આતંકવાદી કેસોમાંના એકમાં લાંબી કાનૂની પ્રક્રિયાનો મહત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થયો છે. કાયદાકીય જોગવાઈ મુજબ ટ્રાયલ કોર્ટ દ્વારા અપાયેલી ફાંસીની સજાનો અમલ હાઈકોર્ટની મંજૂરી બાદ જ શક્ય બનતો હોવાથી આ

...અનુસંધાન પાના ૭ પર

એલએનજી લઈને દહેજ આવતા જહાજ પર ડ્રોન હુમલો, 4 ભારતીય સહિત 29 ક્રુ સલામત

ઈરાનમાં ખામેનેઈની અંતિમયાત્રા વચ્ચે હોર્મુઝની સામુદ્રધૂનીમાં ભયાનક હુમલા

3 ઓઈલ ટેન્કરો પર મિસાઈલ-ડ્રોન દાગવામાં આવ્યા

કતારના એલએનજી ટેન્કર 'અલ-રકાયત' સહિત ત્રણ જહાજો પર હુમલો; અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધ વિરામ બાદ ફરી તણાવ વધ્યો; ઈરાનની ચેતવણી- "અમારા બતાવેલા રૂટ પર નહીં ચાલો તો સુરક્ષાની ગેરંટી નથી"

તેહરાન/દુબઈ/વોશિંગ્ટન, તા. ૭: ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામેનેઈની અંતિમયાત્રા દરમિયાન પર્સિયન ગલ્ફ (અખાત)ના સૌથી મહત્વપૂર્ણ જળમાર્ગ 'હોર્મુઝની સમુદ્રધૂની'માં મંગળવારે ફરી એકવાર મિસાઈલ અને ડ્રોન હુમલા શરૂ થઈ ગયા છે. બ્રિટિશ સૈન્ય અને યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સના જણાવ્યા અનુસાર, હોર્મુઝ અને ઓમાનના દરિયાકાંઠાની નજીકથી પસાર થઈ રહેલા ૩ કોમર્શિયલ ઓઈલ ટેન્કરો પર પ્રોજેક્ટાઈલ (મિસાઈલ/રોકેટ) અને ડ્રોન વડે હુમલા કરવામાં આવ્યા છે. આ હુમલાના કારણે વૈશ્વિક ઉર્જા સપ્લાય ચેઈનને મોટો ફટકો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે શાંતિના સમયમાં દુનિયાના કુલ ઓઈલ અને નેચરલ ગેસ વેપારનો પાંચમો ભાગ (૨૦ ટકા) આ સાંકડા જળમાર્ગ પરથી જ પસાર થાય છે.

ઈરાની સરકારી મીડિયા IRIB ના અહેવાલ મુજબ, કતારના લિક્વિફાઈડ નેચરલ ગેસ લઈ જતા ટેન્કર 'અલ-રકાયત'ને ઓમાનના લીમા નજીક નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના કારણે જહાજમાં આગ લાગી ગઈ હતી. આ સિવાય

...અનુસંધાન પાના ૭ પર

તા. ૦૭-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો ૩૫૦ મીમી	મોસમનો ૭૪૮ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૧૨.૦૨ ફૂટ	આઉટફ્લો ૮૦૦ ક્યુસેક

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૨૭.૮ સે.	૨૩.૦ સે.	૯૮%